# સંસદમાં મડાગાંઠ ઉકેલવા સોનિયા ગાંધીની સુષ્મા સાથે ચર્ચા

નવી દિલ્હી,તા.૧

કોલસા બ્લોક ફાળવણીનાં મામલે કેગનો અહેવાલ આવ્યા બાદ ઉભી થયેલી મડાગાંઠને ઉકેલવાનાં હેતુસર કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આજે વિપક્ષનાં નેતા સુષ્મા સ્વરાજને મળ્યા હતા. જો કે આ મડાગાંઠનો ઉકેલ આવી શક્યો ન હતો. ભાજપ તેના વલણ ઉપર મક્કમ છે. વડાપ્રધાન મનમોહનસિંહને રાજીનામાંની માંગણીને લઈને ભાજપે આક્રમક વલણ અપનાવ્યું છે. જેનાં કારણે સંસદની કામગીરી ચાલી શકી નથી. સોનિયા ગાંધીએ મડાગાંઠને ઉકેલવાનાં હેતુસર સુષ્મા સ્વરાજને મનાવવાનાં પ્રયાસો વ્યક્તિગત રીતે કર્યા હતા. આ પહેલ હાથ ધરતા સોનિયા ગાંધીએ ગઈકાલે પણ ભાજપનાં નેતાઓ સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાન મનમોહનસિંહ સહિત પક્ષનાં ટોચનાં નેતાઓ કોલસા બ્લોક ફાળવણીનાં મામલે મડાગાંઠ ઉકેલવાનાં તમામ પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ આ ગતિરોધને દુર કરવામાં સફળતા હાથ લાગી ન હતી. ભાજપે કહ્યું છે કે કોલસા બ્લોક ફાળવણીનાં મામલે વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાંની માંગણીના વલણ ઉપર ફેરફાર કરશે નહીં. ભાજપનાં પ્રવક્તા શાહનવાઝ હુસેને કહ્યું છે કે અમે સંસદની અંદર અને સંસદની બહાર લડતને વધુ તીવ્ર બનાવીશું. ભાજપ કેટલાક મહત્વપુર્ણ બીલને પસાર કરવાની મંજુરી આપશે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આ કોઈ બીલનો પ્રશ્ન નથી પરંતુ દેશનો પ્રશ્ન છે. અમારી લડાઈ જારી રહેશે. કોંગ્રેસનાં સુત્રોએ કહ્યું છે કે સોનિયા ગાંધીએ એવા સંકેત આપવાનાં પ્રયાસ કર્યા છે કે પક્ષ



આ મુદ્દે તમામ સાથે વાતચીત કરવા તૈયાર છે. સંસદની લોકશાહીની શ્રેષ્ઠ પરંપરાને આગળ વધારવા માટે કોંગ્રેસ તૈયાર છે. વાતચીત અને ચર્ચા મારફતે વિવાદનો ઉકેલ લાવવાની સંસદીય લોકશાહીમાં પરંપરા રહેલી છે. સંસદમાં કામગીરી સતત આઠ દિવસથી ચાલી શકી નથી. કોલસા બ્લોકની ફાળવણીનાં મામલે ભાજપે ધાંધલ ધમાલ જારી રાખ્યા છે.

સરકારે પહેલાથી જ કોલસા બ્લોકની ફાળવણી ને રદ કરવાની માંગણી ફગાવી ચુકી છે. વડાપ્રધાનનાં રાજીનામાંની માંગ પણ ફગાવી દેવામાં આવી છે. સમાજવાદી પાર્ટીનાં નેતા મુલાયમસિંહ યાદવ યુપીએ સરકારને બહારથી ટેકો આપવાની વાત કરી ચુક્યા છે.

# ગુજરાતમાં બીજી ઓક્ટોબરથી રામદેવનું આંદોલન

નવી દિલ્હી, તા.૧

કાળા નાણાં મુદ્દે દેશભરમાં આંદોલન ચલાવી રહેલા યોગગુરુ બાબા રામદેવે હવે કોલસા કૌભાંડમાં પણ ઝુકાવ્યું છે. કોલસા ફાળવણીના મુદ્દે કેન્દ્ર સરકાર પર આકરા શાબ્દિક પ્રહાર કરતા યોગગુરુ બાબા રામદેવે કહ્યું હતું કે, કૌભાંડ ૨૦૦ લાખ કરોડ રૂપિયાનું છે. યોગગુરૂ બાબા રામદેવે કોંગ્રેસ સામે નવા આંદોલનની જાહેરાત કરતાં કહ્યું છે કે આ આંદોલન વધુ તીવ્ર રહેશે. બીજી ઓક્ટોબરથી કોંગ્રેસને ટાર્ગેટ બનાવીને આંદોલન શરૂ કરાશે. જે આગામી લોકસભાની ચુંટણી સુધી ચાલશે. તાત્કાલીક ધ્યાન ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં યોજાનાર ચુંટણી ઉપર અપાશે. પત્રકાર પરિષદને સંબોધતા રામદેવે કહ્યું હતું કે તેમને કોંગ્રેસ ટાર્ગેટ બનાવી રહી છે. છતાં તેમનું કામ તેઓ ચાલું રાખશે. સત્તા અને વ્યવસ્થામાં ફેરફાર માટે તેમની લડાઈ ચાલુ રહેશે. રામદેવે કહ્યું હતું કે કાર્યક્રમની શરૂઆત હિમાચલ પ્રદેશથી થશે મુખ્ય પ્રથામિક્તા ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ચુંટણીને અપાશે.

રામદેવે કહ્યું હતું કે આ મામલે કૌભાંડ, નુકસાન અને દલાલી થઈ છે. યુપીએ સરકારે કૌભાંડોના રેકોર્ડ



બનાવ્યા હોવાનો દાવો કરતાં રામદેવે કહ્યું હતું કે, કોંગ્રેસ સાથે સંકળાયેલા લોકોને કોલસાની ખાણોની ફાળવણી કરાઈ અથવા તો કોંગ્રેસને દબાવી આપનાર લોકોને ખાણ ફાળવણી કરાઈ છે. કોંગ્રેસે કોલસા કૌભાંડમાંથી ૨૦ લાખ કરોડ રૂપિયાની દલાલી લીધી છે. પોતાના ટ્રસ્ટનો બચાવ કરતાં રામદેવે કહ્યુંહતુંકે, વડાપ્રધાન ડો.મનમોહનસિંઘ અને રાહુલ ગાંધી પર પણ આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના નિવેદનો પર પ્રશ્ન કરતા રામદેવે કહ્યું હતું કે, વડાપ્રધાન પ્રામાણિક અને ઈમાનદાર છે. તો બેઈમાન કોણ છે? તેમણે કહ્યું હતું કે, કોલસાની દલાલીમાં હાથ જ કોંગ્રેસનો ચહેરો પણ કાળો થયો છે. ઈન્કમટેક્સ અને સર્વિસ ટેક્સ દ્વારા પતંજલિ યોગપીઠને મળેલી નોટીસ અંગે રામદેવે કહ્યું હતું કે, કોંગ્રેસ સરકાર ષડયંત્ર રચી તેમને ફસાવવા માંગે છે. કોંગ્રેસ ચોરી કર્યા બાદ શિનાચોરી કરી રહી છે. સરકારી એજન્સીઓ અમારા ટ્રસ્ટ વિરુદ્ધ તમામ પ્રકારે તપાસ કરવા પ્રયાસ કરી રહી છે. મારા આશ્રમના લોકોને લાલચ આપીને આશ્રમમાં વિસ્ફોટક વગેરે રાખીને ફસાવી શકાય. સરકાર યોગ શીખવાડવા પર ટેક્સ કેમ લગાવી રહી છે? આ એક ફકીર અને વજીરની લડાઈ છે. કોંગ્રેસ દાનને પણ લૂંટ બતાવે છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં ૪૫ ટકા બાળકોમાં પ્રોટીન-કેલરી, કેલ્શિયમનો અભાવ.
- સોનાના દાગીનામાં હોલમાર્ક ફરજિયાત કરો : કેગની સલાહ
- કુંદાકુલમ પરમાણુ પ્લાન્ટને મદ્રાસ હાઇકોર્ટની લીલી ઝંડી.
- 'સત્યમેવ જયતે' ને કારણે આમીર ખાન ટાઇમના કવર પેજ પર.
- લંડન ઓલમ્પિકમાં ભારતે ખેલાડીઓ પર ૧૪૨ કરોડ ખર્ચ કર્યો છતાં ચાર જ ચંદ્રક મળ્યા.
- આઇ.સી.સી. ટેસ્ટ ટીમમાં ભારતનો કોઇ ખેલાડી નથી.
- એક વર્ષમાં ક્રાઇમમાં ૧૦૦ ખૂન સાથે ગુજરાતમાં સૂરત ટોચ પર.
- કોમી તોફાનો દેશ માટે કેન્સર સમાન લોકશાહી પર કલંક : જજ જ્યોત્સનાબેન યાજ્ઞિક.
- ઉત્તરપ્રદેશમાં એન.આર.એચ.એમ.ના કરોડોનાં કૌભાંડને રેલો ગુજરાતના વાપી સુધી, સી.બી.આઇ.ની ધમધમાટ.
- સુનિયા વિલિયમ્સએ પાંચમી વખત સફળ સ્પેશ વોક કરી.
- દૂધમાં પાઉચ દીઠ રૂા. ૧ થી ૨ નો વધારો થનાર છે.
- જુલાઇમાં ૧૦ % મોંઘી થઇ ખાણીપીણીની વસ્તુઓ : વિશ્વ બેંક.
- છ લાખથી વધુ આવક ધરાવતા લોકોને રાંધણગેસની સબસીડી નહિ મળે.
- બી.એસ.એન.એલ.નો ધમાકો - રજીના સીમ વિના મૂલ્યે અપાશે.
- ડાંડીયા કલાસીસમાં ફી પણ ડબલ થઇ ગઇ.
- ત્રીજું વિશ્વયુધ્ધ પાણી માટે ખેલાશે, વૈશ્વિક કંપનીનો ચોકવાનારો રિપોર્ટ.
- કસાબ પછી હવે સોહરાબુદ્દીન કેસ પર સૌની મીટ.

# મુંબઇ હિંસા મામલે પાટીલે રાજીનામું આપી દેવું જોઇએ

મુંબઈ,તા.૩૦

શિવસેનાનાં કારોબારી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે ૧૧મી ઓગસ્ટનાં દિવસે ભડકી ઉઠેલી હિંસા બાદ મુંબઈનાં પોલીસ કમિશ્નર અરૂપ પટનાયકનાં રાજીનામાં બાદ હવે મહારાષ્ટ્રનાં ગૃહ પ્રધાન આરઆર પાટીલનો નંબર આવશે. પાટીલ ઉપર રાજીનામું આપી દેવા ઉદ્ધવ ઠાકરેએ દબાણ વધારી દીધું છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે આવા હિંસાનાં બનાવ ફરી ન બને તેની ખાતરી કરવા નવા પગલા લેવામાં આવી રહ્યા છે. ૧૧મી ઓગસ્ટની હિંસાનાં મુદ્દા પર વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે દરેક વ્યક્તિને આગળ આવીને વાત કરવાની જરૂર છે. બનાવનાં સંબંધમાં વાત કરાવનો દરેકને અધિકાર છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે અમે પણ સ્કોટલેન્ડ યાર્ડ દ્વારા કરવામાં આવેલા કામની જેમજ હથિયારો આપી શકીએ છીએ. તેમણે વધુમાં કહ્યું હતું કે હિન્દુત્વ અંગે વાત કરવા મતલબ એ નથી કે અમે મુસ્લિમોની વિરૂદ્ધમાં છીએ. બીજી બાજુ રાજ ઠાકરેને બિહારી અંગે કરેલી ટીકા ટિપ્પણી અંગે વ્યાપક નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે. બિહારીઓનાં મામલે ઠાકરેએ ટીકાજનક નિવેદન કર્યું હતું. મોટાભાગનાં રાજકીય પક્ષોએ આ અંગે રાજ ઠાકરેની જોરદાર ઝાટકણી કાઢી છે.

# કર્ણાટકમાં આતંકવાદી હુમલાનો ખતરો

નવી દિલ્હી, તા.૧

કર્ણાટકમાં આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સેના, નૌકાસેના અને પરમાણુ સ્થળો આતંકવાદીઓના હિટ લિસ્ટમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. તાજેતરમાં જ બેંગ્લોર અને હુબલીમાં ધરપકડ કરવામાં આવેલા શકમંદ આતંકવાદીઓની હિટ લિસ્ટમાં આ તમામ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત આ લોકોએ પૂછપરછ દરમિયાન પણ કહ્યું છે કે ડિફેન્સ અને પરમાણુ યુનિટ ત્રાસવાદીઓના હિટ લિસ્ટમાં છે. ઝડપાયેલા શખ્સો, સાંસદો, ધારાસભ્યો અને કર્ણાટકના પત્રકારોને પણ ટાર્ગેટ બનાવવાની યોજના ધરાવતાં હતા. પૂછપરછમાં આ કુખ્યાત શખ્સોએ કહ્યું છે કે તેમના સાઉદી અરેબિયા સ્થિત આકાઓ પાકિસ્તાની અને ભારતીયો છે. ભાજપના સાંસદો પણ આ આતંકવાદીઓની હિટ લિસ્ટમાં હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય સભાના સાંસદોને પણ આ તમામ ટાર્ગેટ બનાવવા માગતા હતા. કર્ણાટક પોલીસે તેમની પાસેથી દક્ષિણમાં સ્થિત ડિફેન્સ સ્થળોના ફોટાઓ અને સ્કેચ પણ કબજે કર્યા છે. અલબત્ત ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના વૈજ્ઞાનિકની ભૂમિકાની કોઈ વાત કરવામાં આવી નથી. ડીઆરડીઓએ દાવો કર્યો છે કે કોઈપણ સંવેદનશીલ અથવા તો વર્ગીકૃત માહિતી બહાર ગઈ નથી. ઝડપાયેલા શખ્સોમાં આ સંસ્થાના વૈજ્ઞાનિક એઝાઝ અહેમદ મિર્ઝા પણ સામેલ છે. સંસ્થાના એક વૈજ્ઞાનિકની ધરપકડ કરવામાં આવ્યા બાદ વધારે ખળભળાટ મચી ગયો છે. પોલીસ મિર્ઝા અને ફોટા તથા સ્કેચ સાથે સાંઠગાંઠની શંકા જોઈ રહી છે.

એવું પણ જાણવા મળ્યું છે કે મિરઝા મહિનાઓથી સંરક્ષણ સંસ્થાઓમાં સ્ટાફ સાથે સતત સંપર્કમાં હતા. આ બાબત સુરક્ષાદળોની ચિંતામાં વધારો કરે છે. આ શકમંદોએ આતંકવાદી નેટવર્ક અને સ્લીપર મોડલ અંગે પોલીસને માહિતી આપી છે. પડોશી રાજ્યોમાં પણ આ નેટવર્ક સક્રીય છે. ઝડપાયેલા શખ્સોનું એમ પણ કહેવું છે કે કેટલાક અન્ય શખ્સો હજુ ફરાર છે. આ શખ્સો કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ઊભી કરી શેક છે. ઝડપાયેલા શખ્સો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધાર પર કેટલાક વધુ શખ્સોની આગામી દિવસોમાં ધરપકડ થઈ શકે છે. બહાર આવનાર ઘણી માહિતી વિસ્ફોટક બની શકે છે. ડીઆરડીઓના વૈજ્ઞાનિક અને પત્રકારની સંડોવણી ખુલતા મોટી સમસ્યા સર્જાઈ છે. વિદેશી બનાવટની પિસ્તોલ, દારૂગોળો અને અન્ય ગેજેટો જપ્ત કરવામાં આવ્યા બાદ તેમાં પણ તપાસ કરાઈ રહી છે. કૈગા પરમાણું પ્લાન્ટ અને નૌકા સેનાના મહત્વનાં સ્થળો હિટલીસ્ટમાં છે.

# ટૂંક સમયમાં જ લાશ પોતે પોતાની ઓળખ બતાવશે

મેરઠ, તા.૧

દુર્ઘટનાઓમાં ઓળખ ગુમાવી દેનારને ઓળખી કાઢવામાં ઘણી વખત ખુબ જ તકલીફ થાય છે. અનેક વખત વૈજ્ઞાનિકની પરીક્ષણ પણ ખોટા સાબિત થાય છે. પરંતુ ભવિષ્યમાં કદાચ આ બાબત શક્ય બનશે નહીં. લાલા લાજપતરાય મેડિકલ કોલેજનાં એનોટોમી વિભાગમાં સંસોધકોએ હાલમાં વિશેષ સંશોધનની પ્રક્રિયા હાથ ધરી છે. અહીં ચાલી રહેલી શોધ ફોરેન્સીક સાયન્સ માટે વરદાનરૂપ સાબિત થઈ શકે છે. એમડીનાં વિદ્યાર્થી ડૉ. શોભા વર્માની શોધમાં જાણવા મળ્યું છે કે ૧૦૦ ટકા બળી ગયેલી અથવા તો સડી ગયેલી લાશની અવસ્થા અને જાતી અંગે સરળતાથી માહિતી મળી શકે છે.

અત્રે નોંધનીય છે કે વર્ષ ૨૦૦૬માં મેરઠમાં થયેલા વિક્ટોરીયા અગ્નિકાંડમાં બળી ગયેલી લાશોને ઓળખી કાઢવા ખુબ જ મુશ્કેલી પડી હતી. મેડિકલ કોલેજમાં માનવ શરીર રચના વિભાગનાં વિદ્યાર્થી શોભાએ કહ્યું છે કે તે છેલ્લા ત્રણ વર્ષથી મુજ્જફરનગર, હાફુડ અને કાનપુર જઈને આશરે ૧૫૦ મૃત માનવીય શરીરો, હાડ પિંજરો અને બ્રેનમાં સંશોધન કામગીરી હાથ ધરી છે. તેમનું કહેવું છે કે કાનની પાછળ આવેલા હાડકાઓમાં સ્પષ્ટ અંતર હોય છે. જેનાથી મૃતક પુરૂષ છે કે મહિલા તેની માહિતી મળી શકે છે. અન્ય તબિબોનું કહેવું છે કે ૧૦૦ ટકા બળી ગયેલી લાશાનાં કાનની પાછળ મેસ્ટોઈટ પ્રોસેસ હાડકા કોઈપણ સ્થિતીમાં નષ્ટ થતાં નથી. પુરૂષમાં આ હાડકા મોટા લાંબા જ્યારે મહિલાઓમાં આ હાડકા નાનાં હોય છે.

# સોનામાં ૫૦૦નો અને ચાંદીમાં રૂપિયા ૧૭૦૦નો જંગી ઉછાળો

નવી દિલ્હી, તા.૧

સોના ચાંદીનાં ભાવ રેકોર્ડ સપાટી તરફ વધી રહ્યા છે. જેથી રોકાણકારોમાં પણ આના પ્રત્યે આકર્ષણ વધી રહ્યું છે. સોના ચાંદીમાં રોકાણ પણ વધી રહ્યું છે. માત્ર અમદાવાદનાં બુલિયન બજારમાં જ નહીં બલ્કે દિલ્હી બુલિયન બજાર અને અન્ય બજારોમાં પણ સોનામાં તીવ્ર તેજી નોંધાઈ હતી. મુંબઈણાં અને કોલકત્તામાં પણ કિંમતોમાં ઉછાળો નોંધાયો હતો.

અમદાવાદ સોના-ચાંદી બજારમાં સપ્તાહનાં પહેલા પાંચ દિવસની નરમાશ બાદ સપ્તાહનાં છેલ્લા દિવસે ઐતિહાસિક કહી શકાય તેવી તેજી સર્જાતા ત્રણે ધાતુઓ પોતાની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે. શનિવારના કારોબાર દરમિયાન સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક વધારો જોવા મળ્યો હતો. સૌપ્રથમ સોનાના ભાવની વાત કરીએ તો શનિવારનાં કારોબારના અંતે અમદાવાદ માર્કેટમાં ૫૦૦નો રેકોડબ્રેક સુધારો જોવા મળ્યો હતો. આ સાથે સોનાએ ૩૧૫૭૫ થી ૩૧૬૭૫ની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે. જ્યારે સોનાના ભાવ શુક્રવારે રૂપિયા ૩૧૦૭૫ થી ૩૧૧૭૫ ની સપાટીએ બંધ રહ્યા હતા. છેલ્લા પાંચ દિવસમાં સોનાએ ૩૧૪૦૦ની ઓલટાઈમ હાઈ સપાટી બનાવ્યા બાદ ૩૧૧૦૦ સુધીની સપાટીએ અથડાયા બાદ શનિવારે જંગી સુધારો જોવા મળ્યો હતો. જેનાં કારણે અત્યાર સુધીના ઈતિહાસમાં સોનું એ શનિવારે પોતાની ઉચ્ચતમ સપાટીએ બંધ રહ્યું હતું.

સોનામાં આગઝરતી તેજી સાથે ચાંદીમાં પણ દિવાળીનો માહોલ જોવા મળ્યો હતો. શનિવારનાં બંધ થતા સપ્તાહ સાથે પ્રતિ કિલોગ્રામ ચાંદીનાં ભાવમાં ૧૭૦૦નો જંગી કહી શકાય તેવો સુધારો જોવા મળ્યો હતો. આ સાથે જ પ્રતિ કિલોગ્રામ ચાંદીના ભાવે ૫૭૭૦૦ થી ૫૮૨૦૦ની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે. જે શુક્રવારે ૫૬૦૦૦થી ૫૬૫૦૦ની નીચી સપાટીએ બંધ હતો. ગત સપ્તાહમાં ૫૭૦૦૦ની ઓલટાઈમ હાઈ સપાટી બનાવ્યા બાદ ચાલુ સપ્તાહમાં ચાંદીમાં રૂપિયા ૫૦૦નો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યાર બાદ અચાનક શનિવારે રૂપિયા ૧૭૦૦નો જંગી ઉછાળો નોંધાતા બજારમાં દિવાળીનો માહોલ સર્જાયો હતો. અને આ સાથે જ ચાંદીએ રૂપિયા ૫૮૨૦૦ની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે.

જ્યારે ચાંદીમાં દિવાળીનાં પગલે રૂપાનાં ભાવમાં પણ ઈદ જેવો માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદ માર્કેટમાં શનિવારના કારોબારનાં અંતે પ્રતિ કિલોગ્રામ રૂપાના ભાવમાં રૂપિયા ૧૩૦૦નો જંગી ઉછાળો જોવા મળ્યો હતો.

# ચિદમ્બરમ્ જ ફોન ટેપ કરાવ્યા સિંહાનો દાવો

નવી દિલ્હી,તા.૧

ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રધાન યશવંતસિંહાએ આક્ષેપ કર્યો છે કે નાણામંત્રી પી. ચિદમ્બરમ્ સાથે સંકળાયેલા એરસેલ-મેક્સીસ મામલાને તેઓએ ઉઠાવ્યો હતો ત્યારે તત્કાલીન સરકારે તેમના અને તેમના પરિવારના સભ્યોના ફોન ટેપ કરવાના આદેશ આપ્યા હતા. એક પત્રકાર પરિષદમાં યશવંત સિંહાએ આ મુજબના ગંભીર આક્ષેપો કર્યા છે. સિંહાએ કહ્યું છે કે ફોન ટેપીંગ જેવા મામલાઓથી તેઓ ગભરાતા નથી. કોંગ્રેસ લાખો પ્રયાસ કરશે તો પણ ભાજપ તેમના ભ્રષ્ટાચારની સામે લડાઈ યથાવત્ રીતે જારી રાખશે. તેમણે એમ પણ કહ્યું છે કે કોંગ્રેસની ટેવ એ છે કે પોતાની સામે બોલનાર લોકો સામે કોઈપણ હદ સુધી જઈ શકે છે. સિંહના આક્ષેપથી કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો છે. તેમનું કહેવું છે કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ લાખો કરોડો રૂપિયાના કોલસા કૌભાંડમાં ઘેરાયેલી પોતાની સરકારને બચાવવાના સતત પ્રયાસો કર્યા છે.

# મધ્યપ્રદેશમાં વિદ્યાર્થી નેતાને જીવતો સળગાવાતાં ચકચાર

ભોપાલ,તા.૧

મધ્યપ્રદેશનાં ભોપાલ નજીક આવેલા બૈતુલ જિલ્લામાં શાહપુરમાં એનએસયુઆઈનાં એક વિદ્યાર્થી નેતાને કોલેજ બંધ કરાવવાની બાબત ભારે પડી હતી. કેટલાક શખ્સોએ મળીને આ વિદ્યાર્થી નેતાને જીવતો સળગાવી દીધો હતો. આ વિદ્યાર્થી નેતાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે કહ્યું હતું કે શાહપુરનાં નિવાસી જેએચ કોલેજનાં વિદ્યાર્થી રાહુલ જોષી પર શનિવારે કેટલાક લોકેએ કેરોસીન છાંટીને આગ ચાંપી દીધી હતી. આ વિદ્યાર્થી નેતાને હાલ પાઢર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. આ મામલાને શાહપુરમાં કોલેજ બંધ કરાવવાની ઘટના સાથે જોડવામાં આવે છે. રાહુલને શાહપુરમાં જ કેટલાક લોકોએ બે દિવસ પહેલા થયેલા વિવાદને ઉકેલવા બપોરનાં ગાળામાં સમજુતી માટે બોલાવ્યો હતો. અહીં ફરી વિવાદ થતાં રાહુલ ઉપર કેરોસીન છાંટી તેને આગ ચાંપી દીધી હતી. ઘટના બાદ રાહુલે પાણીમાં કુદીને પોતાની જાન બચાવી લીધી હતી. ઘરે પહોંચીને આ અંગે માહિતી આપી હતી. પરિવારજનોએ ત્યારબાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. રાહુલ એનએસયુઆઈનો વિદ્યાર્થી છે. જ્યારે આરોપીઓનાં સંબંધીત એક હિન્દુવાદી સંગઠન સાથે હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. પોલીસે મામલામાં ઉંડી તપાસ હાથ ધરી છે.




SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI
BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ